**સુવિચાર**

સામાન્યમાં સામાન્ય માણસ પણ જો ધ્યાન અને જાગરણમાં રસ ધરાવતો હોય તો ધનપતિ કરતાં મોટો અને મહાન છે.

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૦/૦૪/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર


# અમરેલી એક્સપ્રેસ


અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ-૧૨ વર્ષ : ૧૫ અંક : ૧૦૯



ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટસ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
નિત્યમ વિદ્યા સંકુલ
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી.
મો.૯૯૨૫૪ ૫૧૧૫૧






ઈમરજન્સી સારવાર.... રાહત દરે
૨૪x૭ કલાક ઈમરજન્સી સારવાર
હ્રદયરોગ - બીપી
શ્વાસ - દમ - ન્યુમોનિયા
પક્ષઘાત - પેરાલીસીસ - આંચકી
ઝેરીદવા - સર્પદંશ
ડાયાબિટીસ - કીડની - લીવરની તકલીફ વગેરે
ડૉ. રાજન કકૈયા (એમ.ડી.)
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૯૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૯૨ ૬૩૦૦૦


## અમરેલી જિલ્લાનાં કદાવર કોંગી નેતા અને પૂર્વ મંત્રી ધીરૂભાઈ દૂધવાળાનો અનુરોધ

# ઘરમાં રહેલ ગેસ સીલીન્ડરનાં દર્શન કરીને મતદાન કરજો

**આજથી ૧૦ વર્ષ પહેલા રૂપિયા ૪૦૦માં મળતો ગેસ સીલીન્ડર આજે બમણાથી પણ વધારે મોંઘો થયો**

**અમરેલી જિલ્લામાં એકપણ જળાશય, શાળા કે દવાખાનું ભાજપ સરકાર બનાવી શકી નથી**

**ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળતા નથી જેનાથી દિનપ્રતિદિન ખેડૂત વધુને વધુ ગરીબ બની રહ્યો છે**

**લોકસભા બેઠકનાં શિક્ષિત ઉમેદવાર જેનીબેન ઠુંમરને મત આપીને સાંસદ બનાવો તો જિલ્લાનો વિકાસ શક્ય**



અમરેલી, તા. ૧૯
અમરેલી જિલ્લા સહિત દેશભરમાં આજે ભાજપ સરકારની કાર્યશૈલી, ખેડૂતો, ગરીબો, યુવાનો વિરોધી નીતિનાં કારણે નારાજગીનો માહોલ જોવા મળી રહ્યો હોય જિલ્લાની જનતાએ જ્ઞાતિ–જાતિથી દૂર રહીને મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર અને ખેડૂતોની દિનપ્રતિદિન વધતી ગરીબીને ધ્યાને લઈને મતદાન કરવાનો અનુરોધ

**અનુસંધાન પાના ૬ ઉપર**

### ભાજપ, કોંગ્રેસ, બસપા સહિતનાં રાજકીય પક્ષોની દાવેદારી

# અમરેલી લોકસભા બેઠકનાં ચૂંટણી જંગમાં ૧૧ વ્યકિતઓની દાવેદારી રજુ

**જો કે ભાજપ અને કોગ્રેસનાં એક-એક ઉમેદવાર ડમી બન્યા છે**

અમરેલી, તા. ૧૯
અમરેલી લોકસભા બેઠકનાં ચુંટણી જંગમાં ૧૬ એપ્રિલથી ૧૯ એપ્રિલ સુધીમાં કુલ ૧૧ ઉમેદવારી પત્રક રજુ થયા છે. જેમાં ભાજપ અને કોંગ્રેસ બબ્બે ઉમેદવારી પત્રક રજુ કર્યા હોય જેમાંથી ડમી ઉમેદવાર તરીકે ભરાયેલ ઉમેદવારી પત્રક પરત ખેંચાશે એટલે હાલ કુલ ૯ ઉમેદવારો છે. સોમવારે ઉમેદવારી પત્રક પરત ખેંચવાનો સમય ત્યાબાદ સમગ્ર ચિત્ર સ્પષ્ટ થશે.

અમરેલી લોકસભા બેઠક માટે કોગ્રેંસ પક્ષ તરફથી જેનીબેન ઠુંમર, વિરજીભાઈ ઠુંમર, ભાજપ તરફથી ભરત સુતરીયા અને હિરેન હિરપરા, બસપા તરફથી રવજીભાઈ ચૌહાણ, સત્યવાદી રક્ષક પાર્ટી તરફથી જેરામભાઈ પરમાર, ગ્લોબલ સિબ્લિક પાર્ટી તરફથી વિક્રમભાઈ સાંખટ, બહુજન મુકિત પાર્ટી તરફથી પુંજાભાઈ દાફડા અને અપક્ષ ઉમેદવાર તરીકે પ્રિતેશ ચૌહાણ, બાવકુભાઈ વાળા અને ભાવેશભાઈ રાંકે દાવેદારી નોંધાવી છે.

### નાયબ દંડક કૌશિક વેકરિયા અને ધારાસભ્ય કસવાલાની આકરી પ્રતિક્રિયા

# અમરેલીનાં કદાવર નેતા અને પિતાતુલ્ય પરશોતમભાઈ રૂપાલા સામે કોંગી અગ્રણી પ્રતાપ દૂધાતનો વાણી વિલાસ

**મુદ્દાથી ભટકેલ અને હાર ભાળી ગયેલ કોંગ્રેસનો અસલી ચહેરો બહાર આવ્યો**




અમરેલી, તા. ૧૯
લોકસભાની ચૂંટણીને લઈને કોંગ્રેસનાં નેતાઓના વાણી વિલાસ અને અશોભનીય ટિપ્પણીઓથી અમરેલી જિલ્લામાં કોંગી નેતાઓ પ્રત્યે રોષનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. ત્યારે આજે રાજકોટ ખાતે કોંગ્રેસનાં નેતા અને અમરેલી જિલ્લા કોંગ્રેસનાં પ્રમુખ પ્રતાપ દુધાતે લોકસભાની ચૂંટણીનાં રાજકારણમાં મહાભારતને ટાંકીને જે રીતે અમરેલી જિલ્લાનું ગૌરવ ગણાતા ખેડૂતોના હામી એવા વડીલ પરશોતમભાઈ રૂપાલાને દુ:શાસન સાથે સરખાવવાનાં હિન કૃત્યના ઘેરા પડઘા લોકસભાની ચૂંટણીમાં પડશે તેમાં કોઈ બેમત નથી તેવું વિધાનસભાના નાયબ દંડક કૌશિક વેકરિયા અને મહેશ કસવાલાએ રોષિત થઈને જણાવ્યું હતું. જયારે હજુ યુવાવસ્થામાં કોંગ્રેસના નેતાઓને એમના પિતાની ઉંમરના ભાજપના નેતા સામે જે રીતની ટીપ્પણીઓ કરી તે નિંદનીય છે ને તેને સખત શબ્દોમાં કૌશિકભાઈ વેકરીયા

**અનુસંધાન પાના ૬ ઉપર**


**પ્રાર્થનાસભા/ઉઠમણું**



ગં.સ્વ. મમતાબેન જયસુખભાઈ પોપટ
(ઉ.વ.૭૦) સ્વર્ગસ્થ તા. ૧૮/૦૪/૨૦૨૪, ગુરૂવાર

સ્વ. જયસુખભાઈ ભગવાનજીભાઈ પોપટના ધર્મપત્નિ **ગં.સ્વ. મમતાબેન જયસુખભાઈ પોપટ** (ઉ.વ. ૭૦) તે ડોકટર દિવ્યેશ પોપટ, પરાગ પોપટ તેમજ જીજ્ઞાબેન અમિતકુમાર આડતિયા ના માતુશ્રી તથા પ્રવિણભાઈ પોપટ (દાસભાઈ), દિનેશભાઈ પોપટ, બિપીનભાઈ પોપટ, સુરેશભાઈ પોપટ અને શૈલેષભાઈ પોપટના ભાભી તા. ૧૮/૦૪/૨૦૨૪, ગુરૂવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે.

• પ્રાર્થનાસભા / ઉઠમણું •
તા.૨૦/૦૪/૨૦૨૪, શનિવારે સાંજના ૫ થી ૬ કલાકે
સ્થળ : અમારા નિવાસ સ્થાન ગુરૂકૃપાનગર, 'રામધામ' ગાયત્રી મંદિર રોડ, ચિતલ રોડ, અમરેલી ખાતે રાખેલ છે.

ડો. દિવ્યેશ પોપટ મો. ૯૪૨૮૨ ૮૨૮૫૪ | પરાગ પોપટ મો. ૯૪૨૭૭ ૪૭૭૭૨
પ્રવિણભાઈ પોપટ મો. ૯૪૨૬૦ ૨૮૦૦૮
દિનેશભાઈ પોપટ મો. ૯૪૨૬૦ ૨૮૦૮૦ | બિપીનભાઈ પોપટ મો. ૯૪૨૬૪ ૨૨૧૬૮
સુરેશભાઈ પોપટ મો. ૯૪૨૮૪ ૪૮૫૫૫ | શૈલેષભાઈ પોપટ મો. ૯૪૨૮૦ ૧૫૪૩૯
વિમલ પોપટ • હર્ષ પોપટ
CA નિરવ પોપટ • હિત પોપટ
પોપટ પરિવારના.. ॥ જય જલારામ ॥



ફરસાણ • ખમણ • મીઠાઈ



શિવ ફરસાણ
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



**હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે**

મેડીકલ ઓફીસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S
પગાર ધોરણ : ૧૫૦૦૦/- થી ૨૧૦૦૦/- (અનુભવી માટે)
પગાર ધોરણ : ૧૪૦૦૦/- થી ૧૬૦૦૦/- (Freshers)
Day shift 2 (Ladies) Night shift 1(Ladies & Gents)

નર્સીંગ સ્ટાફ
GNM / ANM / Bsc Nursing
પગાર ધોરણ : ૧૧૦૦૦/- થી ૧૩૦૦૦/- (અનુભવી માટે)
પગાર ધોરણ : ૯૦૦૦/- થી ૧૧૦૦૦/- (Freshers)
Day shift 2 (Ladies) Night shift 2 (Ladies )
અમરેલીમાં રહેતા વ્યકિતઓને પ્રાથમિકતા આપવામાં આવશે.
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિં

નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.



WE ARE HIRING
જોઈએ છે શિક્ષકો...
સ્વ. અમરતબા એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત
વી.એલ. ગેલાણી વિદ્યાસંકુલ - બાબરા

| ક્રમ | વિગત | લાયકાત | વિષય | જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | પ્રાથમિક વિભાગ | P.T.C./B.ED અથવા પ્રાથમિક વિભાગમાં ભણાવી શકે તેવા શિક્ષકો | સંસ્કૃત / સમાજ / હિન્દી / ગણિત | ૩ |
| ૨ | માધ્યમિક વિભાગ | B.ed અથવા માધ્યમિક વિભાગમાં ભણાવી શકે તેવા શિક્ષકો | ગુજરાતી / સ.વિ. / અંગ્રેજી | ૩ |
| ૩ | ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ | B.ed અથવા ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં ભણાવી શકે તેવા શિક્ષકો | ગુજરાતી / અર્થશાત્ર | ૨ |

ઉપરોક્ત લાયકાત ધરાવતા ઉમેદવારોએ જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિવસ-૫ (પાંચ)માં પોતાની સ્વહસ્તાક્ષર અરજી સાથે નીચેના સરનામે રૂબરૂ મળવું.
મળવાનો સમય : સવારે ૮:૦૦ થી ૧૧:૦૦ સુધી
વી.એલ. ગેલાણી વિદ્યાસંકુલ - બાબરા
જીવનપરા, બસ સ્ટેન્ડ સામે, મુ. બાબરા, જી. અમરેલી.મો.98798 63817

## ખાનગી એમ્બ્યુલન્સ સંચાલકોને ખાનગી હોસ્પિટલ કમિશન આપતી હોવાની ચર્ચા

# અમરેલીની સિવિલ હોસ્પિટલમાંથી રીફર થતાં દર્દીઓને છેતરવાનું કૌભાંડ

**દર્દીનારાયણની રાહતદરે સારવાર કરવાને બદલે રાજકોટ કે અન્ય શહેરોની ખાનગી હોસ્પિટલ સારવાર નામે લૂંટ ચલાવતી હોવાનો આક્ષેપ**

**અમરેલીથી રાજકોટ રીફર કરાતા દર્દીઓને પોતાની હોસ્પિટલમાં લઈ આવવા તગડુ કમિશન અપાઈ રહ્યું છે**

**સિવિલ હોસ્પિટલમાંથી દર્દીઓને વિનામૂલ્યે અન્ય શહેરમાં રીફર કરવાની સુવિધા કરવી જરૂરી**

**આરોગ્ય એ સેવાનું ક્ષેત્ર છે જેમાં નફાખોરો પ્રવેશ કરી ગયા હોય કાર્યવાહી કરવા માંગ**

(પ્રતાપખુમાણદ્વારા)
સાવરકુંડલા, તા. ૧૯

અમરેલીજિલ્લામાંસરકારી હાસ્પિટલમાંથી ટ્રાન્સફર કરવામાં આવતા દર્દીને એમ્બ્યુલન્સદ્વારા બહાર લઈ જવાચિઠ્ઠીલખીઆપવામાંઆવે તો ફ્રી હોય છે અને અન્યથા નિર્ધારીત ચાર્જ હોય છે જેની સ્લીપ અપાય છે. છતાં ચાલકોસગાઓ પાસે પૈસા માંગે છે. આ ઉપરાંતદર્દીઓનેખાનગીહાસ્પિટલમાં ચાલકો લઈ જતા હોવાનું પણ બહાર આવી રહ્યું છે.

અમરેલીજિલ્લામાંઆવેલી સરકારી હાસ્પિટલમાં એમ્બ્યુલન્સની સુવિધા છે. મોટા ભાગના કેસોમાં દર્દીઓનેડોકટરનહોવાનાકારણેઆગળ ની સારવાર માટે તાલુકા મથકોએથી અમરેલીતથાઅમરેલીમાંથીરાજકોટ કે ભાવનગરની હાસ્પિટલમાં ટ્રાન્સફર કરવામાં આવે છે. તબીબ ચિઠ્ઠી લખી આપે તે પછી હોસ્પિટલની સરકારી એમ્બ્યુલન્સમાં મફતમાં દર્દીને લઈ જવાના હોય છે છતાં ચાલકો પાછળની દર્દીના સગા પાસેથી ભોજન અને વાપરવાના પૈસા માંગે છે. અમુકમાં વ્યાજબી ચાર્જ હોય છે. આ ઉપરાંતઅમરેલીથી રાજકોટ, ભાવનગરજતામોટાભાગનાદર્દીઓને ખાનગીહાસ્પિટલમાંલઈજવાનુંપ્રમાણ પણ વધી રહ્યું છે. આ માટે ખાનગી હાસ્પિટલો દ્વારા કમિશન પેટે રકમ ચુકવાયછે.આચાલકોનેતેનાસગાઓના બેંક એકાઉન્ટના સ્ટેમેન્ટની ચકાસણી કરવામાં આવે તો સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થાય તેમ છે. આ ઉપરાંત હોસ્પિટલ આસપાસ ખાનગી એમ્બ્યુલન્સવાળા પણ ઊભા રહે છે અને તેમાં ભાડાની રકમમાં પણ બેફામ રીતે લૂંટ ચલાવવામાં આવતી હોવાની વ્યાપક બૂમ ઊઠી છે.

આ મુદ્દે તાત્કાલીક કાર્યવાહી કરવા માંગણી ઊઠી છે. ચાલકોને મોકલેલી રકમના સ્ક્રીન શોટ પણ વાયરલ થયા અમરેલીની એક હોલસ્પિટલમાંએમ્બ્યુલન્સના ચાલકોને ખાનગીહોસ્પિટલોદ્વારા કમિશન પેટે મોકલેલી રકમના સ્ટેટમેન્ટ એટલે કે ટ્રાન્ઝેકશનના સ્ક્રીનશોટ પણ સોશ્યલ મીડિયામાં વાયરલ થયા છે. હોસ્પિટલ દ્વારા તાત્કાલીક તપાસ કરવા માંગણી ઊઠી છે.

---

### હોટેલનાં દાદરા પાસે કચરો નાખવા બાબતે ઠપકો આપવા

## અમરેલીની સિટી પેલેસ હોટેલનાં કર્મચારી ઉપર ૩ ઈસમોનો હુમલો

અમરેલી, તા.૧૯

અમરેલીમાં એસ.ટી. ડેપો સામે આવેલ હોટલ સિટી પેલેસમાં નોકરી કરતા સૈયદમહંમદ અબાકાદર બાપુ એદૂષી નામનાં ૬૨ વૃધ્ધે તા.૧૮ ના રોજ ૧૦ વાગ્યે હોટલના દાદરા પાસે કચરો પડેલ હોય જે બાબતે દાદરા પાસે આવેલ શિવ કેન્ટીનના માલિક આરોપી ગોપાલભાઈ ભટ્ટને કહેવા જતાં તેણે ઉશ્કેરાઈ જઈ ગાળા ગાળી કરવા લાગેલ વૃધ્ધે ગાળો આપવાનીના કહેતા આરોપીઓએ વધુ એકદમ ઉશ્કેરાય તેના હાથમાં રહેલ લાકડાનો એક ઘા વૃધ્ધના માથામાં મારવા જતા વૃધ્ધે ડાબો હાથ આડો રાખતા લાકડાનો ઘા આંગળી ઉપર વાગતા આંગળીમાં ફેક્ચર કરી ઈજા કરી તથા ઢીકાપાટૂનો મારમાર મારી તેમજ વૃધ્ધના દિકરાનું ગળુ પકડી પછાડી દઈ ઈજા કર્યાની વૃધ્ધે ત્રણ ઈસમ સામે ફરિયાદ નોંધાવી છે.

---

### રીઝર્વ ફોરેસ્ટમાં પ્લાસ્ટીક નાખતા હોય

## ધારીનાં આંબરડી સફારી પાર્ક નજીક આવેલ લીયોનીયા હોટેલનાં માલીકને નોટિસ મળી

અમરેલી, તા.૧૯

ધારીનાં આંબરડી સફારી પાર્ક નજીક આવેલ લીયોનીયા હોટેલના સંચાલકને વન અધિકારીએ ગંદકી ફેલાવવા અને નિયમ વિરૂધ્ધની લાઈટો વિરૂધ્ધ નોટીસ ફટકારી છે.

નોટીસમાં જણાવેલ છે કે ખીચા રીઝર્વ ફોરેસ્ટ પાયલોટ વિસ્તારમાં અમારી ફીલ્ડ વિઝીટ દરમીયાન આપની હોટેલનો આજુબાજુમાં વડીની બહારના ભાગે રીઝર્વ ફોરેસ્ટમાં પુષ્કળ પ્રમાણમાં પ્લાસ્ટીક પડેલ/ નાખેલ હોવાનું ધ્યાન ઉપર આવેલ છે. તેમજ તા. ૧૪/૪/૨૦૨૪ના રોજ અમારી રાત્રી પેટ્રોલીંગ દરમીયાન ધ્યાન ઉપર આવેલ છે કે તમારી હોટલમાં ફોકસ/ મોટી લાઈટો નાખવામાં આવેલ છે જેમનો પ્રકાશ રાત્રીના સમયે જંગલ વિસ્તારમાં દુર સુધી પડે છે જે શરતનો ભંગ થાય છે તેમજ જંગલ વિસ્તારમાં પ્લાસ્ટીક નાખી વન્યપ્રાણીના જીવન સાથે છેડછાડ કરવામાં આવેશે તે ગંભીર ગૂન્હો બને છે, વારંવાર તમોને જાણ કરવામાં આવે છે તેમ છતા તમો રીઝર્વ ફોરેસ્ટમાં પ્લાસ્ટીક તેમજ કચરો સળગાવો છો જે ભારતીય વન અધિનીયમ મુજબ ગુન્હો બનતો હોય આ ગુન્હા સબબ દિન ૩ માં રિકવરી ભરી જવી તેમજ હવે પછી પ્લાસ્ટીક ધ્યાન ઉપર આવશે તો કાયદેસરની કાર્યવાહી તમારા ઉપર કરવામાં આવશે તેમ અંતમાં જણાવેલ છે.

---

### તાજેતરમાં યોજાયેલ ટ્રસ્ટીમંડળની ચૂંટણીમાં

## જૂનાગઢ : સ્વામી નારાયણ મંદિરના ટ્રસ્ટી તરીકે રાજેશ માંગરોળીયાની પૂનઃ વરણી



અમરેલી, તા. ૧૯


હાલમાં જ જૂનાગઢ ખાતે રાધારમણ દેવ ટેમ્પલ બોર્ડમાં ટ્રસ્ટી મંડળની ચૂંટણી યોજવામાં આવેલ જેમાં ટ્રસ્ટઓની બિન હરીફ વરણીથયેલ છે, તેમજ વડતાલના ગાદીપતિ આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજના પ્રતિનિધિ ટ્રસ્ટી તરીકે અમરેલીના યુવા આગેવાન લેઉવા પટેલ સમાજના શ્રેષ્ઠી, અમરેલી શહેર ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી અને એક સ્પષ્ટ વકતા તરીકે છાપ ધરાવતા એવા વડતાલ, ગઢડા, જૂનાગઢ તથા સ્વામિનારાયણ સંપ્રદાયનાં તમામ સંતોના પ્રીતિ પાત્ર રાજેશભાઈ માંગરોળીયાની પુન ટ્રસ્ટી તરીકે નિયુકિત થયેલ છે, જેઓ અમરેલી જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ અમર ડેરીમાં પણ ડિરેકટર તરીકે તેમની સેવા આપી રહેલ છે, તદુપરાંત જેસિંગપરા ખાતે દૂધ મંડળીનાં પ્રમુખ પદે રહેલ છે તથા સમગ્ર ગુજરાતમાં નમુના મંડળી તરીકે જેમની નામના જેવી ગજેરાપરા સેવા સહકારી મંડળીમાં પણ તેઓ ડિરેકટર તરીકે સેવા આપી રહેલ છે, લેઉવા પટેલ સમાજ, સરદાર ધામ, સારહી યુથ કલબ, લાયન્સ કલબ હોય શહેરની અનેક વિવિધ સંસ્થાઓમાં તેમની સેવાઓ સતત તેઓ આપતા હોય છે તદપરાંત ભારતીય જનતા પાર્ટીમાં અમરેલી શહેરના મહામંત્રી તરીકેની જવાબદારી નિભાવી રહેલ છે. જેઓ એક બહોળો મિત્ર વર્તુળ ધરાવે છે અને હાલમાં ટ્રસ્ટી તરીકે પુનઃનિયુકિત બદલ તેમને અમરેલી પૂરતું જ નહીં પરંતુ સુરત, અમદાવાદ અને મુંબઈ સહિત વિવિધ શહેરોમાં તેમના શુભેચ્છકો દ્વારા તેમને શુભેચ્છાઓ આપવામાં આવી રહેલ છે રાજેશભાઈ માંગરોળીયાની ટ્રસ્ટી તરીકે નિયુકિત બદલ તેમના મિત્ર વર્તુળ દ્વારા તેમને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવેલ છે તેવું એક અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે.

---

### દામનગર નજીક ચાલતા કામમાં નિયમોનો ખુલ્લેઆમ ઉલાળીયો

## સાવરકુંડલા–લીમડા માર્ગ બનાવવામાં ખનિજ તત્વોની ચોરી થઈ રહી હોય ખાણ–ખનીજ વિભાગ કાર્યવાહી કરે

**સમગ્ર ઘટનાક્રમ અંગે તટસ્થ તપાસ કરવામાં આવે તેવી માંગ**

દામનગર, તા. ૧૯

અમરેલી જિલ્લામાં કરોડો રૂપિયાની મંજૂરી વગર ખનીજની ચોરી પકડાઈ રહી છે..!! ખનીજ ચોરો બેફામ બની રહ્યા હોય રાજય અને કેન્દ્ર સરકારને કરોડો રૂપિયાનું નુકસાન વેઠવું પડે છે...!! ઘોડા છૂટી ગયા પછી તબેલાને તાળા મારવા કરતા અધિકારીઓ કડક થઈને નિષ્ઠાથી ખનીજ ચોરો સામે કોઈની પણ શેહશરમ રાખ્યા વગર પગલાં ભરે તો જેલના સળીયા ગણતા થઈ જાય. અમરેલીજિલ્લામાંખનીજચોરીનુંપ્રમાણ વધી રહ્યું છે. જો હા તો કોની–કોની મિલીભગત છે તેની તટસ્થ રીતે તપાસ કરવામાં આવે તો કંઈકના તપેલા ચડી જાય અને ઘરભેગા થઈ જાય તે ચોક્કસ છે..!! રાજયસરકારેસાવકુંડલા–લીમડા (રાજકોટ– ભાવનગર હાઈવે) વાયા લીલીયા, ગુંદરણ, એકલેરા, ઈંગોરાળા (જાગાણી), દામનગર, ઢ્રુફણિયા, નાના – મોટા ઉમરડા માર્ગને કિલો મીટર ઓછા થાય એવા હેતુથી ટૂંકો માર્ગ બનાવવા માટે વર્ષો પહેલા મંજૂરી આપી દીધેલ. પરંતુ ટેકનિકલ અથવા અન્ય બીજા કોઈ કારણોસર આ માર્ગનું નવીનીકરણ થઈ શકયું નહોતું. વર્ષોની રાહ જોવરાવ્યા પછી ઈજારદારે આ માર્ગનું દામનગરથી ઢ્રુફણિયાથી આગળ કે જયા અમરેલીજિલ્લાનીહદ પૂરીથાયછેત્યાંસુધી કામ ધીમી ગતિએ શરૂ તો કર્યુ છે પરંતુ રોડના આ કામમાં પહોળો કરવાના ભાગમાં (સાઈડમાં) માર્ગ ઉપર આવતી ગૌચરની ટેકરાવાળી જગ્યાને તોડીને પાથરવામાંઆવીરહ્યાછે..!! જે નિયમની વિરૂદ્ધ અને સ્પષ્ટ રીતે ખનીજ ચોરી કરવામાં આવતી હોય તે કોના–કોના કહેવાથી અથવા ઈશારાથી આ કૃત્ય કરવામાંઆવીરહ્યુંછે તે અમરેલીજિલ્લાના ભૂસ્તરશાસ્ત્રી અને કલેકટર રૂબરૂ સ્થળ મુલાકાત લેશે તો મોટું કૌભાંડ બહાર આવી શકે છે. એક ટ્રેકટર કે નાનું વાહન ખનીજ ચોરીમાં પકડાય તો મોટો દંડ ફટકારવામાં આવતો હોય છે જયારે આ કૃત્ય મોટું હોવાની વિગતો ચર્ચામાંછે..!! આ ખનીજ ચોરીમાં જે કોઈ હોય તેઓને ખુલ્લા પાડી કાનૂની કાર્યવાહી કરવી જરૂરી બને છે...!!

---

## લીલીયા : શ્રમયોગી સંઘનાં લીગલ એડવાઈઝર તરીકે એડવોકેટ બગડા



લીલીયા, તા. ૧૯

લીલીયાના બાહોશ અને નીડર એડવોકેટ સાથે સાથે સમાજ સેવકએવા શ્રવણ (સંજય)એલબગડા ની લીલીયા ચેમ્બર ઓફ કોમર્સના લીગલ એડવાઈજર, તેમજ થોડા દિવસો પહેલા લીલીયા ગ્રામપંચાયત ના લીગલએડવાઈઝર અને ત્યાર બાદ વધુ એક જવાબદારીના ભાગ રૂપે ભારતીય શ્રમયોગી સંઘ ગુજરાત ના લીલીયા સંઘ ના લીગલ એડવાઈજર તરીકે પસંદગી કરવામાં આવી. નાની ઉંમરમા સતત સફળતા પૂર્વક બધા ક્ષેત્રોમા પોતાનું તથા કુટુંબ સમાજનું તેમજ તાલુકાનું નામ રોશન કરી રહેલ એડવોકેટ શ્રવણ (સંજય) બગડા પર મિત્રો સગા સ્નેહીઓ દ્વારા અભિનંદન ની વર્ષા થઈ રહી છે.

---

### જાગૃત્ત નાગરિકે પાલિકામાં કરી રજૂઆત

## દામનગરમાં જાહેર શૌચાલયનાં અભાવે રાહદારીઓ સહિત સૌ કોઈ પરેશાન

**સ્વચ્છતા અભિયાનને શરૂ કરવું જરૂરી**



દામનગર, તા. ૧૯

લાઠીના ધારાસભ્ય, દામનગર નગરપાલિકાના ચીફ ઓફિસર–પ્રમુખને ઈમેઈલથી પત્ર પાઠવી રજુઆત કરવામાં આવી છે કે, દામનગર શહેરમાંથી સતત ચોવીસ કલાક નાના–મોટા વાહનો પસાર થાય છે. એવા મુખ્ય માર્ગો પરના ચાર રસ્તા (ચોકડીઓ) નીબધીબાજુએસ્પીડ બ્રેકરો (બંપ) બનાવવાની તાતી જરૂર છે તેમજ અહીંના ગાયત્રી મંદિર નજીક ચાર રસ્તા પાસે જાહેર મુતરડી ન હોય અને સરદાર સર્કલથી લઈને મુખ્ય બજારથી જૈન વાડી પાસે એક મુતરડી છે, પરંતુ વચ્ચે એક પણ મુતરડી ન હોવાને કારણે સ્ત્રી વર્ગને તકલીફ પડી રહી હોય. આ બંને પ્રશ્નો હલ કરવા દામનગરનાં એક નાગરિકે રજુઆત કરી છે.

---

## વડિયા : રાંદલનાં દડવા ગામે ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયાનાં સમર્થનમાં મોદી પરિવાર સભા યોજાઈ




તસ્વીર : જીતેશગીરી ગોસાઈ–વડિયા

વડિયાનારાંદલનાદડવામાં આવેલી પટેલ વાડી સ્થિત ભાજપ દ્વારા મોદીપરિવારસભાનુંઆયોજનકરવામાં આવ્યુ હતુ. આ સભામાં તાલુકા ભાજપ પ્રમુખગોપાલભાઈ અંટાળાદ્વારાશાબ્દિક સ્વાગત કર્યાબાદ ગુજરાતવિધાનસભાના નાયબ મુખ્ય દંડક એવા અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા દ્વારા લોકસભા ચૂંટણી માટે કાર્યકર્તાને આળસ ખંખેરી દેશ હિતમાં મહેનત કરવા હાંકલ કરાઈ હતી. તો બીજી તરફ ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ કહ્યું કે ભર ઉનાળ તળાવમાં પાણી આપે એ ભાજપ સરકાર તેમજ કેન્દ્રસરકારની વર્તમાન યોજનાઓ અને ભાવી યોજનાઓ વિશે માહિતી આપી દેશમાં ફરી ભાજપને ભારે લીડ સાથે બહુમતીથી ચૂંટી કાઢવા અપીલ કરવામાં આવી હતી. આ સભામાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, તાલુકા ભાજપ પ્રમુખ ગોપાલભાઈ અંટાળા, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમ્મર, રાંદલદડવાગામનાસરપંચમનસુખભાઈ બરવાળીયા, તાલુકા પંચાયત પ્રમુખ પરસોત્તમભાઈ હિરપરા, જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ રાંક, જીલ્લા પંચાયત સદસ્ય જલ્પેશભાઈ મોવલીયા, પી.વી. વસાણી, રમેશભાઈ સાકરીયા, તાલુકા પંચાયત કારોબારી ચેરમેન તુષારભાઈ ગણાત્રા સહિત મોટી સંખ્યમાં આગેવાનો અને ભાજપના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સૌરાષ્ટ્રનાં પાટનગરમાં અમરેલીનાં બે કદાવર નેતાઓ વચ્ચે ટક્કર થશે

# રાજકોટનાં ચૂંટણી જંગ માટે ઉમેદવારીપત્રક રજૂ કરતાં પરેશ ધાનાણી

**સત્તાના અહંકાર સામે સામાન્ય માણસનાં સ્વાભિમાનની લડાઈ લડવા આવ્યો છું : પરેશ ધાનાણી**

**ક્ષત્રિય સમાજની બહેનોએ જવતલિયા ભાઈ પરેશ ધાનાણીને રાખડી બાંધી જીતનાં આશીર્વાદ પાઠવ્યા**

**ભાજપનો સૂર્ય સોળે કળાએ ખીલ્યો છતાં અઢારેય વરણ તકલીફ ભોગવે છે**

**ભાજપનાં ઉમેદવાર રૂપાલા સામે કોંગ્રેસનાં ઉમેદવાર પરેશ ધાનાણીની રર વર્ષે પુનઃ ટક્કર જામશે**



રાજકોટ, તા. ૧૯

લોકસભાની ચૂંટણી પ્રક્રિયામાં આજે ઉમેદવારી નોંધાવવાનો છેલ્લો દિવસ હતો. ત્યારે રાજકોટ લોકસભા બેઠકથી કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ આજે બપોરે ૧૨.૩૯ વાગ્યે વિજય મુહૂર્તમાં પોતાનું ઉમેદવારીપત્ર ભર્યું છે. ઉમેદવારી પત્ર ભરતા પહેલા બહુમાળી ભવન ચોક પાસે રેસકોર્સના મેદાનમાં જાહેર સભા યોજવામાં આવી હતી. પરેશ ધાનાણી સભા સ્થળે પહોંચતા ક્ષત્રિયાણીઓ દ્વારા તિલક અને પાઘડી પહેરાવીને તેમનુ સ્વાગત કરવામાં આવ્યું હતું. આ જાહેર સભામાં શકિતસિંહ ગોહિલ, પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાત, અતુલ રાજાણી, વશરામ સાગઠીયા, ગાયત્રીબા વાઘેલા સહિત કોંગ્રેસના અનેક દિગ્ગજ નેતાઓ, મોટી સંખ્યામાં કોંગ્રેસના આગેવાનો, કાર્યકરો, મહિલાઓ અને લોકો ઊમટી પડયાં હતાં તેમજ ક્રિકેટર રવીન્દ્ર જાડેજાનાં બહેન નયનાબા જાડેજા પણ હાજર રહ્યાં હતાં.

રાજકોટ બેઠકથી કોંગ્રેસનાં ઉમેદવાર પરેશ ધાનાણી જાહેર સભાને સંબોધી રહ્યા હતા ત્યારે અચાનક વીજળી ગૂલ થઈ હતી. ચાલુ સભામાં વીજળી ગૂલ થતાં પરેશ ધાનાણીએ સરકાર પર આકરા પ્રહારો કરતા કહ્યું હતું કે, 'સૌરાષ્ટ્રના પાટનગરમાં ધોળા દિવસે વીજળી ગુલ થઈ, હવે આ વિકાસને આપણે સહુએ હરાવવાનો છે.'

ધાનાણીએ વધુમાં જણાવ્યુ હતું કે, લોકસભાની ચૂંટણીના પડઘમ વાગ્યા છે અને રાજકોટ રણ મેદાનમાં પડકારોને ઝીલવા માટે કોંગ્રેસ પક્ષ દ્વારા મારી પસંદગી કરવામાં આવી છે. ત્યારે આ અહંકારી સરકાર સામે જન જનના સ્વાભિમાનની લડાઈનો શંખનાદ આજે રાજકોટથી થવા જઈ રહ્યો છે. ગાંધી અને સરદારના ગુજરાતમાં ભાજપે વર્ગવિગ્રહનુ કાવતરૂં ઘડયું છે. કોઈએ કહ્યું કે, દીકરીઓના દામનને દાગ લગાડી ભાજપે મહાભારત બનાવ્યું છે. એક અભિમન્યુ સાતમા કોઠે અટકી ગયો હતો. મેં તો દૂધ પીતા છોકરાને અમરેલી વિધાનસભાથી મોકલ્યો હતો. હવે રાજકોટ પણ મને આગળ મોકલશે. સ્વાભિમાન યુદ્ધનો આજે શંખનાદ કર્યો છે. હું આ આધુનિક અંગ્રેજોના ત્રાસથી રાષ્ટ્રને મુકત કરાવવા આવ્યો છુ, ખરા 'રામ રાજય' ની પુનઃ સ્થાપના કરવા આવ્યો છુ. સત્તાના અહંકાર સામે સામાન્ય માણસના સ્વાભિમાનની લડાઈ છે ત્યારે રાજકોટનાં હૃદયને જીતવા આવ્યો છું.

સભામાં કોંગ્રેસના ક્ષત્રિય સમાજની બહેનોએ જવતલિયા ભાઈ પરેશ ધાનાણીને રાખડી બાંધી જીત માટેના આશીર્વાદ પાઠવ્યા હતા તેમજ ધાનાણીના ઓવારણા પણ લીધા હતા. સભામાં ધાનાણીએ જણાવ્યું હતું કે, દીકરીઓની આંખમાં આંસુ જોયા છે, અહંકારી માછલીની આંખ વિંધવા આવ્યો છું, ગુજરાત ભાજપમાં દાવાનળ ચાલી રહ્યો છે. ત્યારે તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વિકાસની પરિભાષાને બદલવા આવ્યો છું. ભાજપે વર્ગવિગ્રહના બીજ રોપ્યાં છે. રાજકોટનાં લોકોને પ્રેમના તાંતણે બાંધવા આવ્યો છું. સંવિધાનની સુરક્ષા કાજે રાજકોટનાં પાદરે આવ્યો છું. દીકરીઓને લગાડેલા દાગને ભૂંસવા આવ્યો છું. ભાજપનો સૂર્ય સોળે કળાએ ખીલ્યો છતાં અઢારેય વરણ તકલીફો ભોગવે છે. તમારા બાપ–દાદાએ ચૂકવેલું ઋણ ચૂકવવા આવ્યો છું. દીકરીઓની આંખમાં આંસુ જોયા. રાજકોટનો કોંગ્રેસનો પરિવાર આંગળી પકડી અહીં લઈ આવ્યો છે. અહંકારી માછલીની આંખ વિંધવા રાજકોટ આવ્યો છું. ડ્રગ્સનો દરવાજો બંધ કરવા આવ્યો છું. અંગ્રેજો સામેની પહેલી લડાઈનું નેતૃત્વ ગુજરાતે લીધું હતું ગુજરાતને ફરી આઝાદી અપાવવા રાજકોટ આવ્યો છું. અધર્મીઓના વિનાશને નોતરવા આવ્યો છું, લોક મતના મુલ્યને બચાવવા આવ્યો છું, દિકરીઓના દામનને દાગ ભુંસવા આવ્યો છું, સત્તાના અહંકારને ઓગાળવા આવ્યો છું, સરદારનો અસલી વારસો સાચવવા આવ્યો છું.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, જગતના કલ્યાણ માટે વિકર્મા દેવને જવાબદારી સોંપી છે. વિકર્મા દેવએ દરેક જીવોમાં વિવિધ કળાઓ ગૂંથી છે. હાલ પરસેવો પાડીને ખાનારા અનેક લોકોને મહેનત કરવી છે પણ તક મળતી નથી. અથાક મહેનત કરવા છતાં બે ટાઈમ જમવા મળતું નથી. ત્યારે વિકર્મા દેવનાં ચરણોમાં આજે પ્રાર્થના કરી છે કે, હે પ્રભુ રાજકોટ અને ગુજરાત સહિત દેશનો પ્રત્યેક વ્યકિત કે જેને પરસેવો પાડી મહેનત કરવી છે તેના ઘરે બે ટાઈમ સ્વાભિમાનનો રોટલો તેનાં બાળકોને મળે તેવી વ્યવસ્થા ઊભી કરવા વિનંતી કરી છે.

### પાના ૮ ઉપરનું ચાલું અમરેલી પંથકમાં કાળઝાળ ગરમીથી

ઠંડા પીણા વેચતા લોકો ઉપર જરૂરી કાર્યવાહી કરી અને ગરમીથી બચવા માટે બઝારમાંથી પીતા ઠંડા પીણાં અને જયુસના સેમ્પલ લેવાં જરૂરી બન્યા છે.

અમરેલીમાં સવારે ૧૧ વાગ્યા આસપાસ જ સૂર્યનારાયણ આકરા પાણીએ થઈ જાય છે અને સતત આકાશમાંથી લુ વર્ષા થતી રહે છે. જેને લઈ બપોરના બે વાગ્યા સુધીમાં તો અગનવર્ષાથી બચવા લોકો જરૂરી કામ ના હોય તો પોતાના ઘર અથવા તો ઓફિસ દુકાનમાં પુરાય રહેવાનું પસંદ કરે છે. જેને લઈ શહેરના રાજમાર્ગો પણ ક્રિકેટના મેદાન જેવા ભાસે છે. જાણે કે શહેરમાં લોકડાઉન હોય તેવો અહેસાસ થઈ રહયો છે.

આવા સમયે અસહ્ય ગરમીને કારણે આરોગ્ય પર થતી વિપરિત અસરોથી બચવા માટે ધ્યાનમાં રાખવા જેવી બાબતોમાં વધુ પડતી ગરમી મનુષ્યના આરોગ્ય માટે હાનિકારક છે. લુ લાગવા (સન સ્ટ્રોક)ના કેસોમાં સામાન્ય રીતે શરીરનું તાપમાન વધે છે. ગરમીના વધારાના કારણે શરીરમાં લુ લાગવા (સન સ્ટ્રોક)થી બચવા ગરમીમાં બને ત્યાં સુધી બહાર જવાનું ટાળવું. ઉનાળાની ઋતુ દરમ્યાન ખુલતા, સફેદ, સુતરાઉ કપડા પહેરવા જોઈએ, નાના બાળકો, સગર્ભા માતાઓ, વૃધ્ધો તથા અશકત વ્યકિતઓએ બને ત્યાં સુધી તડકામાં ફરવું નહી, દિવસ દરમ્યાન પુષ્કળ માત્રામાં પાણી અને લીંબુ શરબત સહિતનું પ્રવાહી પીતા રહેવું, ભીના કપડાથી માથું ઢાંકી રાખવું અને આવશ્યકતા જણાય ત્યારે ભીના કપડાથી શરીરને અવાર–નવાર લુછતું રહેવું, ગરમીની ઋતુ દરમિયાન બને ત્યાં સુધી ભૂખ્યા ન રહેવું, માથાનો દુઃખાવો થવો, બેચેની થવી, ચક્કર આવવા, ઉબકો કે તાવ આવે તો નજીકના દવાખાના કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે હોસ્પિટલમાં ડોકટરની સલાહ અને સારવાર વિના વિલંબે તરત લેવી.

હિટવેવને લગતા એલર્ટની વખતો વખતની સૂચનાઓને અનુસરવાની અને ગરમીથી બચવા સાવધ રહેવું. શ્રમકાર્યમાં જોડાયેલા હોય તેવા શ્રમિક વર્ગને સન સ્ટ્રોક (લુ) ની અસરોથી બચવા માટે ખાસ ધ્યાન રાખવાનું રહે છે. તેમણે ગરમીથી બચવાના ઉપાયો અનુસરવાના રહે છે તેમ અમરેલી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

આ ઉપરાંત પશુઓને છાયડામાં રાખો અને તેમને શુદ્ધ અને ઠંડું પાણી પુરતા પ્રમાણમાં આપવું જરૂરી છે. તેમની પાસેથી સવારના ૧૧ વાગ્યાથી બપોરના ૪ વાગ્યા સુધી કામ ન લો. પશુઓના રહેઠાણનું તાપમાન ઓછું કરવા માટે તેની છતને ઘાસની ગંજીથી ઢાંકો અથવા સફેદ રંગથી રંગો. પશુ રહેઠાણમાં પંખા લગાવો, પાણીનો છંટકાવ કરો, વધુ ગરમી હોય તેવા સંજોગોમાં પશુઓ ઉપર પાણીનો છંટકાવ કરો અથવા પશુઓને પૂરતું પાણી મળી રહે તેની વ્યવસ્થા કરો. આહારમાં પશુઓને લીલો ચારો વધુ માત્રામાં આપો. પૌષ્ટિક, સુપાચ્ય અને સંતુલિત આહાર આપો. પશુ આહારમાં ખનીજદ્રવ્ય (મિનરલ મિક્ષ્ચર)નો સમાવેશ કરો. સવાર અને સાંજના સમયે જયારે બહુ ગરમી ન પડતી હોય એ સમયે ચરાવવા લઈ જાઓ. મરઘા ઉછેર કેન્દ્રમાં પડદા લગાવો અને હવા ઉજાસની યોગ્ય વ્યવસ્થા કરવી જરૂરી છે.

### પાના ૮ ઉપરનું ચાલું બે તરૂણીના અપહરણ થયાની ફરિયાદ

ફરિયાદ પોલીસમાં નોંધાતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

પ્રથમ બનાવમાં સાવરકુંડલા તાલુકાના સેંજળ ગામે રહેતી એક ૧૬ વર્ષ ૯ માસની ઉંમર ધરાવતી તરૂણીને મુળ ગારીયાધાર મફતપરાનો વતની અને હાલ કામરેજ ગુરૂકૃપા સોસાયટી સુરત ખાતે રહેતો અનીલ રમેશભાઈ સોલંકી નામનો ઈસમ ગત તા.૪ ના રોજ ૧૨ વાગ્યે તરૂણીને સેંજળ ગામેથી લલચાવી ફોસલાવી લગ્ન તથા બદકામ કરવાના ઈરાદે વાલીપણા માંથી ભગાડી અપહરણ કરી લઈ ગયાની ફરિયાદ નોંધાય છે. બીજા બનાવમાં ધારીમાં રહેતી એક ૧૫ વર્ષ ૭ માસની તરૂણીનો તેજ ગામે રહેતા શુભમભાઈ મનાભાઈ કણસાગરા નામનાં આરોપીએ પીછો કરી, તેણીની જાતીય સતામણી કરી, પોતાની સાથે વાતચીત કરવા તેમજ મળવા દબાણ કરી તેમજ મારી નાખવાની ધમકી આપી તેમજ ગત તા.૧૭ના રોજ ૧૧ વાગ્યે તેણી ટયુશનમાં ગયેલ ત્યારે તેણીને આરોપી ફોસલાવી વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયાની ફરિયાદ નોંધાઈ છે.

### પાના ૮ ઉપરનું ચાલું અમરેલી ખાતે વકીલ મંડળનાં

સૂત્રોચ્ચાર કરી આ બનાવની તટસ્થ તપાસની માંગ કરવામાં આવી હતી. અને આજે જિલ્લાભરના એડવોકેટ એક દિવસ કામથી અલિપ્ત રહયા હતા અને આ બનાવમાં ન્યાય નહીં મળે તો આગળના પગલાં ભરી આંદોલનને વિસ્તારવામાં આવશે તેવી ચીમકી અમરેલી વકીલ મંડળના પ્રમુખ દ્વારા ઉચારવામાં આવી હતી.

આ બનાવમાં અમરેલી જિલ્લા વકીલ મંડળના સભ્ય અને એડવોકેટ સુર્યકાંત વિસાણી તથા તેમના પુત્ર તથા પુત્રી સાથે ગત તા. ૧૪ના રોજ ધારી પોલીસ સ્ટેશન ખાતે ગયા હતા. એડવોકેટ સુર્યકાંત વિસાણીના જણાવ્યા મુજબ તેમના જમાઈને ખોટી રીતે દારૂ પીવાનો કેસ કરી પુરી દેવામાં આવેલ તેને છોડવા માટે ગયા ત્યારે ધારી પોલીસ સ્ટેશનના અધિકારી દ્વારા એડવોકેટ સાથે અસભ્ય વર્તન કરી અને સિનિયર એડવોકેટને માર મારી ખોટા કેસમાં ફીટ કરી લોકઅપમાં પુરી દીધા હતા.

આ બનાવના વિરોધમાં આજે અમરેલી વકીલ મંડળના પ્રમુખ એન.વી. ગીડા, જનરલ સેક્રેટરી જે.આર. વાળા, ભોગ બનનાર એડવોકેટ સુર્યકાંત વિસાણી, અજય પંડયા, વિનુભાઈ ડાબસરા, હરેશ રાઠોડ, હનુભાઈ વાળા સહિતના સિનિયર એડવોકેટ દ્વારા આ પોલીસ દમનનો વિરોધ કરવા માટે થઈ અત્રેની કોર્ટ બિલ્ડિંગના પટાંગણમાં પોલીસ વિરૂધ્ધ સૂત્રોચ્ચાર કરી આ બનાવની તટસ્થ તપાસની માંગ કરવામાં આવી હતી અને આજે જિલ્લાભરના એડવોકેટ આજે એક દિવસ કામથી અલિપ્ત રહયા હતા અને આ બનાવમાં ન્યાય નહીં મળે તો આગળના પગલાં ભરી આંદોલનને વિસ્તારવામાં આવશે તેવી ચીમકી અમરેલી વકીલમંડળ ના પ્રમુખ દ્વારા ઉચારવામાં આવી હતી.

### પાના ૧ ઉપરનું ચાલું પ્રતાપ દૂધાતનો વાણી વિલાસ

અને મહેશ કસવાલાએ વખોડયું હતું. જયારે અગાઉ પણ કોંગ્રેસના વિરજી ઠુંમર દ્વારા પ્રધાનમંત્રી સામે અશોભનીય ટિપ્પણીઓ કરીને કોંગ્રેસે પોતાની માનસિકતાનું ભાન ભૂલ્યા હતા જેની શાહી સુકાઈ નથી ત્યાં જ ભાજપના વરિષ્ઠ અને મોભી ગણાતા પરશોતમભાઈ રૂપાલા સામેની ટિપ્પણી સામે ગુજરાતભરમાં ઘેરા પ્રત્યાઘાતો પડશે તેમાં કોઈ બેમત નથી. જયારે કોંગ્રેસના નેતાઓ લોકસભાની ચૂંટણીમાં હાર ભાળી ગયા હોવાથી વાણી વિલાસ કરીને ગાંધીના ગુજરાતની ગરીમા જાળવતા નથી જયારે દરેક ચૂંટણીઓ વખતે જ્ઞાતિઓમાં વર્ગવિગ્રહ ઉભો કરીને ગુજરાત રાજયની શાંતિ ડહોળવાનો જવાબ લોકસભાની ચૂંટણીમાં જનતા જનાર્દન આપશે તેવું કૌશિક વેકરિયા, મહેશ કસવાલા અને લોકસભા સંયોજક પુનાભાઈ ગજેરાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## અવસાન નોંધ

**અમરેલી :** અકાળા નિવાસી હાલ ગાંધીનરગ પ્રીતમભાઈ વિ. વ્યાસ આઈએએસ નિવૃત્ત જેઓ સ્વ. કનુભાઈ વ્યાસ, પ્રો. છેલભાઈ વ્યાસ, નવનીતભાઈ વ્યાસ, શશિકાંત ત્રિવેદી, અનસુયાબેન દવે, કુન્દનબેન ત્રિવેદી, સ્વ. ગીતાબેન ત્રિવેદી, ભારતીબેન દવેના મોટા ભાઈ તથા પ્રો. બિમલ વ્યાસ, શ્રેયસ વ્યા તથા સુનીતા વ્યાસનાં પિતા (ઉ.વ. ૯૪)નું અવસાન થયું છે.

સદ્‌ગતની પ્રાર્થના સભા અમરેલી મુકામે તા. ૨૧/૪/૨૦૨૪ને રવિવારે સાંજના ૪ થી ૬ શશાંક મહાજન પાર્ટી પ્લોટ સ્થળે યોજેલ છે.

### પાના ૧ ઉપરનું ચાલું ઘરમાં રહેલ ગેસ સીલીન્ડરનાં

જિલ્લા કોંગ્રેસનાં કદાવર નેતા અને પૂર્વ મંત્રી ધીરૂભાઈ દૂધવાળાએ કર્યો છે.

તેઓએ "અમરેલી એકસપ્રેસ" કાર્યાલયની શુભેચ્છા મુલાકાતમાં જણાવેલ કે, આજથી ૧૦ વર્ષ પહેલા ખેડૂતોને મગફળી, કપાસનો જે ભાવ મળતો હતો તેમાં કોઈ વધારો થયો નથી ઉલ્ટાનું ખાતર, બિયારણ, ડીઝલ, જંતુનાશક દવા અને ઘરખર્ચમાં વધારો થતાં ખેડૂતોની આવક બમણી થવાને બદલે અર્ધી થઈ છે. મતદાન કરવા જતાં પહેલા ઘરમાં રહેલ ગેસ સીલીન્ડર પર નજર મારતાં જજો એટલે ખ્યાલ આવશે કે મોંઘવારી કેટલી વધી છે.

વધુમાં જણાવેલ છે કે, અમરેલી જિલ્લા સહિત દેશભરમાં કયાંય પણ ભાજપ સરકારે પીવાના કે સિંચાઈનાં પાણી માટે જળાશયનું નિર્માણ કર્યુ નથી કે નવી સરકાર શાળા કે દવાખાનું બનાવવાની તસ્દી લીધી નથી. દેશનાં દેવામાં ૧૦ વર્ષમાં ૧૦૦ લાખ કરોડનો વધારો થયો છે.

વધુમાં જણાવેલ છે કે, અમરેલી જિલ્લામાં ધારાસભા હોય કે લોકસભાની ચૂંટણી હોય કોંગ્રેસ પક્ષે મહિલાઓને મહત્વ આપેલ છે. અમરેલી લોકસભાની ચૂંટણીમાં આથી ૬૦ વર્ષ પહેલા જયાબેન શાહ સાંસદ હતા. બાદમાં નીલાબેન ઠુંમર અને હવે જેનીબેન ઠુંમરને .મેદવાર કોંગ્રેસ પક્ષે બનાવ્યા છે. ભાજપ તરફથી કયારેય કોઈ મહિલાને ધારાસભ્ય કે લોકસભાની ટિકિટ આપવામાં આવી નથી અને જેનીબેન ઠુંમરે એમબીએનો વિદેશમાં અભ્યાસ કર્યો છે. તેઓ જિલ્લા પંચાયતનાં પ્રમુખ તરીકે પણ સફળ રહ્યા છે અને તેઓ સાંસદ બનશે તો જિલ્લાનાં ખેડૂતો, શ્રમિકો, બેરોજગાર યુવાનો, વેપારીઓ સહિત તમામનાં પ્રશ્નોનો નિકાલ કરશે. લોકસભામાં આત્મવિશ્વાસ સાથે રજૂઆત કરીને જિલ્લાનો સર્વાંગી વિકાસ કરાવી શકે તેવા સક્ષમ હોય જિલ્લાનાં મતદારોએ જેનીબેન ઠુંમરને સાંસદ બનાવવા મતદાન કરવું જોઈએ તેમ અંતમાં જણાવેલ. તેઓની સાથે કોંગી અગ્રણી ટીકુભાઈ વરૂ પણ જોડાયેલ હતા.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૫૦ | ૧૨૦૯ |
| ૨ | શિંગ મોટી | ૧૦૫૩ | ૧૨૦૪ |
| ૩ | શીંગદાણા ફાડા | ૧૩૬૦ | ૧૫૯૦ |
| ૪ | તલ સફેદ | ૨૨૪૫ | ૨૭૭૫ |
| ૫ | તલ કાળા | ૩૦૭૫ | ૩૨૩૩ |
| ૬ | બાજરો | ૩૫૦ | ૫૦૯ |
| ૭ | જુવાર | ૪૦૦ | ૮૭૦ |
| ૮ | ઘંઉ ટુકડા | ૪૪૦ | ૬૭૫ |
| ૯ | ઘઉં લોકવન | ૪૫૪ | ૫૫૦ |
| ૧૦ | ચણા | ૯૯૬ | ૧૨૨૪ |
| ૧૧ | ચણા દેશી | ૧૦૯૨ | ૧૩૦૩ |
| ૧૨ | તુવેર | ૧૬૦૦ | ૨૧૦૦ |
| ૧૩ | કપાસ | ૯૪૨ | ૧૪૮૦ |
| ૧૪ | એરંડા | ૯૪૫ | ૧૦૮૭ |
| ૧૫ | જીરૂ | ૨૮૪૦ | ૪૨૯૦ |
| ૧૬ | રાયડો | ૮૪૫ | ૯૩૫ |
| ૧૭ | ધાણા | ૧૨૭૦ | ૧૭૭૫ |
| ૧૮ | ધાણી | ૧૧૯૦ | ૧૮૪૦ |
| ૧૯ | અજમા | ૨૩૩૦ | ૨૫૩૦ |
| ૨૦ | મેથી | ૯૦૫ | ૯૭૦ |
| ૨૧ | સોયાબીન | ૮૦૦ | ૮૯૪ |
| ૨૨ | મરચા લાંબા | ૭૦૦ | ૩૩૦૦ |
| ૨૩ | વરીયાળી | ૯૩૦ | ૧૧૨૫ |
| ૨૪ | કાંગ | ૭૫૦ | ૯૦૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૮૦૧ | ૧૧૯૭ |
| ૨ | શીંગ મોટી | ૯૩૦ | ૧૨૯૬ |
| ૩ | તલ સફેદ | ૨૪૦૦ | ૨૭૦૦ |
| ૪ | જીરૂ | ૩૦૦૦ | ૪૧૦૦ |
| ૫ | કપાસ | ૧૨૦૦ | ૧૪૨૧ |
| ૬ | ઘઉં લોકવન | ૪૪૦ | ૫૧૫ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૫૧ | ૫૮૨ |
| ૮ | બાજરો | ૪૦૦ | ૫૦૦ |
| ૯ | જુવાર | ૪૨૫ | ૮૦૦ |
| ૧૦ | મગ | ૧૭૦૦ | – |
| ૧૧ | ચણા | ૧૧૦૦ | ૧૨૫૨ |
| ૧૨ | ચણા દેશી | ૧૧૦૦ | ૧૩૨૯ |
| ૧૩ | તુવેર | ૧૬૦૦ | ૨૨૫૦ |
| ૧૪ | એરંડી | ૧૦૦૦ | ૧૦૮૫ |
| ૧૫ | મેથી | ૮૦૦ | ૧૦૨૫ |
| ૧૬ | રાય/રાયડો | ૭૫૦ | ૯૨૫ |
| ૧૭ | ધાણા | ૧૨૦૦ | ૧૪૦૧ |
| ૧૮ | સોયાબીન | ૮૦૦ | – |
| ૧૯ | મકાઈ | ૪૫૦ | ૫૨૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૦૮ | ૧૫૦૨ |
| ૨ | તુવેર | ૧૪૬૦ | ૧૬૪૦ |
| ૩ | ઘઉં | ૪૬૫ | ૫૭૫ |
| ૪ | ચણા | ૧૧૫૪ | ૧૨૩૦ |
| ૫ | જીરૂ | ૩૮૯૦ | ૪૨૬૦ |
| ૬ | ધાણા | ૧૫૩૫ | ૧૫૯૫ |
| ૭ | મેથી | ૯૭૦ | ૧૦૧૦ |
| ૮ | રાઈ | ૯૭૦ | ૧૧૨૦ |
| ૯ | એરંડા | ૧૦૨૦ | ૧૦૭૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૦ | ૧૪૦૦ |
| ૨ | ચણા | ૧૦૯૫ | ૧૧૮૧ |
| ૩ | ધાણી | ૧૨૦૦ | ૧૨૯૫ |
| ૪ | ધાણા | ૧૧૨૫ | ૧૨૮૦ |
| ૫ | ઘઉં લોકવન | ૩૬૨ | ૫૦૫ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૦૪ | ૫૩૩ |
| ૭ | રાય | ૯૦૦ | ૯૫૦ |
| ૮ | રાયડો | ૮૦૦ | ૮૨૦ |
| ૯ | મગ | ૧૩૦૦ | ૧૩૬૫ |
| ૧૦ | મેથી | ૭૨૫ | ૯૮૩ |
| ૧૧ | તુવેર | ૧૩૦૦ | ૨૦૦૦ |
| ૧૨ | ચણા સફેદ | ૧૧૫૫ | ૧૩૨૫ |
| ૧૩ | લસણ | ૧૧૩૫ | ૨૩૪૦ |
| ૧૪ | બાજરો | ૩૫૧ | ૪૦૧ |
| ૧૫ | જીરૂ | ૪૦૦૦ | ૪૨૮૦ |
| ૧૬ | જુવાર | ૩૫૦ | ૪૦૦ |
| ૧૭ | સોયાબીન | ૮૫૨ | ૮૬૪ |

## જાહેર નોટિસ

**સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, અમરેલીની કોર્ટમાં, અમરેલી**

અપીલ રજી. નંબર : ૬૭/૨૦૨૪

અરજદાર : શ્રી મગનભાઈ છગનભાઈ ગોંડલીયા
રે.સાજીયાવદર, તા. જિ. અમરેલી.

**// વિરૂધ્ધ //**

સામાવાળા : જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી,
–વ–
તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મું. સાજીયાવદર, તા. જિ. અમરેલી.

**// નોટિસ //**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના સાજીયાવદર ગામના **મગનભાઈ છગનભાઈ ગોંડલીયા** તેઓનો પુત્ર મયુરકુમાર મગનભાઈ ગોંડલીયાનો **જન્મ તા. ૦૧/૦૪/૧૯૭૬** નાં રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ/મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૮/૦૪/૨૦૨૪નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સિક્કો

**સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ**
**અમરેલી.**

## જાહેર નોટિસ

**સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, અમરેલીની કોર્ટમાં, અમરેલી**

અપીલ રજી. નંબર : ૬૬/૨૦૨૪

અરજદાર : શ્રી સુરેશભાઈ કરશનભાઈ કાનાણી
રે.જુના સાવર, તા. સાવરકુંડલા, જિ. અમરેલી.

**// વિરૂધ્ધ //**

સામાવાળા : જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી,
–વ–
તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મું. સાજીયાવદર, તા. જિ. અમરેલી.

**// નોટિસ //**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના સાજીયાવદર ગામના **સુરેશભાઈ કરશનભાઈ કાનાણી** તેઓનો પુત્ર મયુરકુમાર સુરેશભાઈ કાનાણીનો **જન્મ તા. ૨૨/૦૪/૧૯૭૪** નાં રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ/મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૮/૦૪/૨૦૨૪નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સિક્કો

**સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ**
**અમરેલી.**

## ભાજપ સરકારે અમરેલી જિલ્લાનાં ખેડુતોને ઘોર અન્યાય કર્યો : જેની ઠુંમર

# કલ્પસર યોજનાં સાકાર બની હોત તો ખેડુતો સમૃધ્ધ બન્યા હોત

**તુલસીશ્યામ ખાતે ભગવાન શ્રી શ્યામ અને કનકાઈ ધામ ખાતે માતાજીનાં આર્શીવાદ લેતા જેની ઠુંમર**

**કલ્પસર યોજના શરૂ થઈ હોત તો અમરેલી ભાવનગર, મહુવા, ગારિયાધાર સહિતના વિસ્તારોમાં સમૃધ્ધિ વધી હોત**

**કોંગ્રેસ પક્ષનાં શિક્ષિત ઉમેદવાર જેનીબેન ઠુંમર ભાજપ સરકારની એક-એક નિષ્ફળતા મતદારોને જણાવી રહ્યા છે**

**ધારીનાં દીતલા, ધારંગણી, લાખાપાદર, દેવળા, છતડીયા, સરસીયા સહિતના ગામોનો કર્યો પ્રવાસ**










અમરેલી, તા. ૧૯

અમરેલી સંસદીય મત વિસ્તાર અમરેલી જિલ્લો અને મહુવા–ગારીયાધાર વિસ્તારમાં કોંગ્રેસના શિક્ષત મહિલા ઉમેદવાર જેનીબેન ઠુમ્મરે આજ ધારી તાલુકાના પ્રવાસે છે. ત્યારે તેમણે ધારીના કૂબડા જે અમરેલી જિલ્લાના પ્રથમ કેન્દ્રીય કેબીનેટ મંત્રી સ્વ. મનુભાઈ કોટડીયાને અને તેમની જન્મભૂમિને મારા વંદન કરૂ છું. આ તકે અમરેલી જિલ્લાના મુખ્ય ખેતીના સિંચાઈનો પ્રશ્ન ઉઠાવતા જેનીબેન ઠુમ્મરે જણાવ્યુ હતુ કે અમરેલી જિલ્લાના ખેડૂતો મહેનતુ છે પરંતુ અપૂરતી કૃષિ સિંચાઈની સગવડના કારણે ફક્ત વરસાદ આધારિત ખેતી જ થઈ શકે છે. ત્યારે અમરેલી જિલ્લા સહિત સમગ્ર સૌરાષ્ટ્રના ખેડૂતો બારે માસ ખેતી કરી શકે અને અહીંયા થી લોકોને ધંધા રોજગાર માટે મોટા શહેરોમાં ન જવું પડે તે માટે કલ્પસર યોજના તેના મૂળ સ્વરૂપે લાગુ કરવામાં આવે તો આ સૌરાષ્ટ્રના મોટા ભાગના જિલ્લાઓ અમરેલી, ભાવનગર, જુનાગઢ, સુરેન્દ્રનગર, બોટાદ સહિતના જિલ્લાઓમાં પીવા માટેનું મીઠુ પાણી અને ખેતી માટે નહેરો દ્વારા બારે માસ સિંચાઈનું પાણી મળી શકત અને આ વિસ્તારમાં બારેમાસની ખેતી શકય બનતા પરિણામે પછાત ગણાતા આ જિલ્લામાં વિકાસની અનેક તકો ઉભી થાત સાથે બહેનો પણ ઘરે બેઠા પશુપાલન અને દુધ અને તેની બનાવટના વેચાણ દ્વારા રોજગારી મેળવી શકત કલ્પસર યોજના માટે અનેક આંદોલનો થયા પણ સર્વેના નામે આ યોજના પુરી થતી નથી માટે મારી એવી માંગણી છે કે સૌરાષ્ટ્રને બેઠુ કરવુ હોય અને લોકોને સારામાં સારી રોજગારી ઘરે બેઠા પોતાના વતનમાં મળી શકે. તે માટે આ યોજનાની ફાઈલો ઉતારી અને તેના પર કાર્યવાહી થવી જોઈએ અને કલ્પસર યોજના તેના મૂળ સ્વરૂપે સાકાર થવી જોઈએ.

ધારી પંથકના તમામ સરકારી દવાખાનાને આધુનિક સુવિધાથી સજજ કરવા માટે પણ કામગીરી કરવી પડે છે. આ ઉપરાંત હોસ્પિટલો સહિત અનેક સરકારી કચેરીઓમાં પુરતો સ્ટાફ નથી જેથી લોકોના કામો પણ સરળતાથી થઈ શકતા નથી. માટે આ વિસ્તારમાં પુરતા પ્રમાણમાં સરકારી મહેકમ ભરાય તેવી અમારી માંગણી છે.

આ ઉપરાંત કેન્દ્રમાં ઈન્ડીયા ગઠબંધનની સરકાર આવશે તો રાહુલ ગાંધીજીએ નીચે મુજબની લોક ઉપયોગી યોજનાઓ લાગુ થાશે જેમાં જેમાં યુવાનો માટે કેન્દ્ર સરકાર ના સરકારી વિભાગોમાં ૩૦ લાખ નોકરીઓની જગ્યા ખાલી છે. તે સરકાર આવતા તુરંત ભરવામાં આવશે. ૨૫ વર્ષ ઓછી ઉમરના યુવાનો ગ્રેન્જયુએટ અને ડીપ્લોમાં ડીગ્રી ધારકોને એપ્રેન્ટીશ એકટ મુજબ ૧ વર્ષ સુધી રૂા. ૧ લાખ આપવામાં અવશે, અને અગ્નિપથ યોજનામાં ૪ વર્ષની નોકરી આપવામાં આવે છે. તે પુનઃ જુની પધ્ધતી મુજબ કરવામાં આવે છે. સરકારી નોકરીઓમાં પેપર લીક થાય તેની સામે સખત કાયદો, ખેડૂતો : ખેડૂતો માટે જણસના ભાવની મીનીમમ ગેરંટી એટલે એમ.એસ.પી.ની કાનૂની ગેરંટી, ખેડૂતોનું દેવા માફી, ખેડૂતોનું બિયારણ, દવા અને ખેતીના સંસાધનોમાં જી.એસ.ટી.માંથી મુકિત, બહેનો માટે ગરીબ પરિવારની મુખ્ય બહેનને વાર્ષિક રૂ. ૧ લાખ, અને સરકારી નોકરીમાં ૫૦% આરક્ષણ, મજુરો માટે : મનરેગા અંતર્ગત થતા રાહત કામોમાં રૂા. ૪૦૦ સુધી રોજી કરવામાં આવશે., જોમેટો, સ્વીગી, કુરીયર જેવી કંપનીમાં કામ કરવાવાળા લોકોને સમાજિક સુરક્ષા આપવામાં આવશે. અને રૂા. ૨૫ લાખ સુધી આરોગ્ય સેવાઓ અને દવા આપવામાં આવશે. ન્યાય, આર્થિક અને જાતીગત જન સંખ્યા ગણના થશે. જલ–જંગલ–જમીનનો કાનૂની હક વન અધિકાર વાળા કાનુન ૧ વર્ષમાં ફેસલો, વન અધિકાર અધિનિયમ લાગુ કરવામા આવશે. આદિવાસીત બહુમતિ વાળા વિસ્તારોમાં અધસિુચિત થાશે. આ તકે તેમની સાથે પ્રવાસમાં રામભાઈ ગજેરા, અશોકભાઈ ગજેરા, રણજીતભાઈ વાળા, પ્રતાપભાઈ વાળા, અજયભાઈ વાળા, હિતેશભાઈ સરપંચ ધીઢભાઈ મકવાણા, રામભાઈ પ્રતાપભાઈ, રામપરા, રવિભાઈ હીરાણી, પ્રદીપભાઈ કોટડીયા, અશોકભાઈ ચાવડા, આમ આદમી પાર્ટીના કાંતિભાઈ સતાસિયા, મનીષભાઈ ભંડેરી, જગદીશભાઈ પાનસુરીયા ચંપુભાઈ વાળા,, આમ આદમી પાર્ટીના રાહુલભાઈ સહિત મોટી સંખ્યામાં બહેનો પણ ઉપસ્થિત રહ્યા.

## બાબરામાં શ્રી શકિતમાનો નવ ચંડીયજ્ઞ યોજાયો

બાબરા, તા. ૧૯

બાબરામાં ભરવાડ સમાજના મૂંધવા પરિવારના કુળદેવી શ્રી શક્તિમાંના મઢે સમગ્ર મૂંધવા પરિવાર દ્વારા નવચંડી યજ્ઞ નું ભવ્ય અને દિવ્ય આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સમગ્ર મૂંધવા પરિવાર પૂર્ણ શ્રદ્ધા અને ભક્તિસભર જોડાઈ માતાજીના યજ્ઞ અને દર્શન તેમજ મહાપ્રસાદનો લાભ મેળવી ધન્યતા અનુભવી હતી.


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

## પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

PGVCL AN ISO 9001:2015 CERTIFIED COMPANY

**અમરેલી-૧ વિભાગીય કચેરી, કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી**
**ચિતલ રોડ, ગાંધીબાગ પાસે, અમરેલી**
**ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૧૮૮, ૨૨૭૭૮૯**

### વિજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેર નોટીસ

આથી અમરેલી શહેરના પી.જી.વી.સી.એલ.ના માનવંતા વીજ-ગ્રાહકોને જણાવવાનું કે, તા.૨૨/૦૪/૨૦૨૪ થી તા.૦૧/૦૫/૨૦૨૪ દરમિયાન સવારે ૬:૩૦ થી ૧૧:૦૦ કલાક સુધી આ સાથે દર્શાવેલ સમય-પત્રક મુજબનાં ૧૧ કેવી ફીડરો અને વિસ્તારોમાં સમારકામ માટે વીજ પુરવઠો બંધ કરવો જરૂરી હોઇ, સદર ફીડરમાં વીજ પુરવઠો બંધ રહેશે. આ બાબતે વીજ-પુરવઠો બંધ રહેવા દરમિયાન સહકાર આપવા વિનંતી.

| ક્રમાંક | સબસ્ટેશન | ફીડર | સેકશન પોઈન્ટ | વિસ્તાર | તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કેવી અમરેલી-બી | ઓમનગર | ત્રીપદાવાળીગેંગ સ્વીચ | ત્રીપદા સોસાયટી, સંઘી સોસાયટી, ગાયત્રી મંદિર રોડ, પંડયા સાહેબ વાળુ TC, ગુરૂજીની વાડી, ડેમ સાઇડ | ૨૨.૦૪.૨૦૨૪ |
| ૨ | ૬૬ કેવી અમરેલી-બી | જેસીંગપરા | શિવાજી ચોક વાળી ગેંગ સ્વીચ | જેસીંગપરાથી સુલિયા ટીંબા સુધીનો વિસ્તાર | ૨૩.૦૪.૨૦૨૪ |
| ૩ | ૬૬ કેવી અમરેલી-બી | ગજેરાપરા | સામુદ્રીમાતા મંદિર વાળીગેંગ સ્વીચ | સ્મશાનરોડ, નુરી ગેરેજ, બહારપરા, રામજીમંદિર, ગજેરાપરા | ૨૪.૦૪.૨૦૨૪ |
| ૪ | ૬૬ કેવી અમરેલી-એ | ક્રીષ્ટિ | ગુરૂદતપેટ્રોલ પંપવાળી સ્વીચ | ગુરૂદત પેટ્રોલપંપ, ગોપાલ હોટેલથી ઇશ્વરીયા સુધી | ૨૫.૦૪.૨૦૨૪ |
| ૫ | ૬૬ કેવી અમરેલી-એ | ગુજકો | RTO વાળી સ્વીચ | ગોકુળનગર, કુંડલા રોડ, ફતેપુર રોડ, હરી ઓમ મીલ સુધી | ૨૬.૦૪.૨૦૨૪ |
| ૬ | ૬૬ કેવી અમરેલી-એ | હનુમાન પરા | ગુલાબ પાર્ક વાળી સ્વીચ | નારાયણનગર, હનુમાનપરા, GIDC વિસ્તાર | ૨૭.૦૪.૨૦૨૪ |
| ૭ | ૬૬ કેવી અમરેલી-એ | સુરભી | તિરૂપતી મોટર્સ વાળી સ્વીચ | ST ડીવીઝનથી ધર્મનગર, ટેલીફોન, કવાર્ટર સુધી | ૨૯.૦૪.૨૦૨૪ |
| ૮ | ૬૬ કેવી અમરેલી-એ | સીટી ૪ | સરદાર વાળી ગેંગ સ્વીચ | ચક્કરગઢ રોડ, આદર્શનગર, દાનેવપાનાથી રોકડીયા પરા, બી.કે.ટાંકનાં ડેલા સુધી હિરામોતી ચોક સુધી | ૩૦.૦૪.૨૦૨૪ |
| ૯ | ૬૬ કેવી અમરેલી-એ | સીટી ૧ | પુનીતવાળી સ્વીચ | માર્કેટયાર્ડ રોડ, ટાવર રોડ, લીલીયા રોડ, માનેકપરા | ૦૧.૦૫.૨૦૨૪ |

સંપર્ક નંબર : (૧) ૦૨૭૯૨ - ૨૨૩૪૦૦
(૨) ૯૯૭૮૯૯૩૪૮૦૧

**નાયબ ઈજનેર,**
**પ.ગુ.વી.કું.લી. પેટા વિભાગીય કચેરી,**
**અમરેલી**


**અમરેલીનું સૌ પ્રથમ પ્લેહાઉસ અને ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ ( ૨૦૦૨ થી )**


**'ઈસ્કૂલી લાઈવ બુક' દ્વારા બાળકોને અભ્યાસ માટે હવે સંપુણ આઝાદી ભણશે ગમે ત્યારે, ગમે એટલીવાર**

આપના મોબાઈલમા QR કોડ સ્કેન કરો

છેલ્લા ૨૦ વર્ષથી બાળકોને ભાતીગળ સંસ્કૃતિની વિરાસત સાથે આધુનિક ટેકનોલોજી દ્વારા શિક્ષણ આપી બાળકોની કારકિર્દી માટે મદદરૂપ બનતી અમરેલી શહેરની એક અને એકમાત્ર સ્કૂલ, હવે ૨૧ મી સદીના ડીજીટલ યુગમાં એક નવા જ રીસર્ચ દ્વારા અમો લાવ્યા છીએ 'ઈસ્કૂલી' ડીજીટલ અભ્યાસક્રમ જેના કારણે બાળકો અભ્યાસમાં પરફેકટ બની શકસે. ઓફ લાઈન સાથે હવે ડીજીટલ માધ્યમ પણ ઉપલબ્ધ ...

શરૂ થતાં નવા સત્ર માટે... **પ્રવેશ શરૂ**

પ્રવેશ માટે સવારે ૯:૦૦ થી ૨:૦૦ સુધીમાં રૂબરૂ સંપર્ક કરો



કોઈપણ સ્કૂલ બાળકોને એકજવાર અભ્યાસ કરાવે છે. જયારે ડીજીટલના માધ્યમ (સ્કેન એન્ડ લર્ન) તથા મોબાઈલ એપ દ્વારા બાળકોને અનેકવાર અભ્યાસ કરાવી ઓનલાઈન ટેસ્ટ અને રીવીઝન દ્વારા બાળકોને પરફેકટ બનાવતી શહેરની એકમાત્ર સ્કૂલ

**CBSE પદ્ધતિ મુજબનું શિક્ષણ જેથી કોઈપણ મેગાસીટીમાં અભ્યાસ માટે સક્ષમ બની શકે**




**મેટ્રોપોલીટીન શહેરો જેવી સુવિધા ધરાવતી અમરેલીની એકમાત્ર સ્કૂલ**

- કોમ્પ્યુટર લેબની સુવિધા
- સાયન્સ લેબ
- લેન્ગવેજ લેબ
- ઓડિયો વિડીયો એજયુકેશન
- લાગણી સભર પ્રેમાળ સ્ટાફ
- મિનરલ વોટર
- ફાયર સેફ્ટી બિલ્ડીંગ
- કેમેરા દ્વારા સુરક્ષા
- સ્કૂલ બસ ની સુવિધા
- એજયુકેશન ટોય્સ
- ફેસ્ટિવલ સેલિબ્રેશન
- ઓનલાઈન એપ
- ઓનલાઈન ટેસ્ટ
- વૉટ્સએપ રિપોર્ટ
- પેરેન્ટ્સ મિટિંગ
- મધર્સ ટ્રેનિંગ
- પેરેન્ટ્સ સેમિનાર
- ડિજિટલ બુક્સ
- રીવીઝન માટે મોબાઈલ એપ
- ઈન્ટરેક્ટિવ કલાસરૂમ
- પેરેન્ટ્સ દ્વારા ટેસ્ટ

અન્ય સ્કૂલોની વિચારધારા જયાં પુરી થાય, ત્યાંથી સનફલાવરનું શિક્ષણ શરૂ થાય છે...

**PLAY HOUSE @ L.K.G. @ U.K.G. ધોરણ ૧ થી ૮ સુધી**

SUNFLOWER™ Preschool

લાઠી રોડ, કાર વર્લ્ડ શો રૂમ પાછળ,
અમરેલી. મો. ૯૪૨૮૭ ૦૮૮૮૦
sunflowerpreschool.in

